સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

શાળા ચલાવવાની જવાબદારી ખેંચી લ્યો!
ને સરકારી રસ્તો ટોલનાકાંને વેંચી દ્યો!
કેંચી મારો કચારો, ફિક્સથી બેકારી પર -
'વહીવટી'ની મલાઇ ખાઇ, આંખ મીંચી લ્યો!!
(સચિવાલય નું ખાનગીકરણ)

હાઈકુ

'સોનુ વેંચાયું'
અખાત્રીજ મુહુર્તે -
ટન હિસાબે..

ગેસ-ડિઝલ,
હવે અંકૂશ મુક્ત -
લૂંટશે પ્રજા

(હાય ગરીબી! વોય મોંઘવારી)(દિવસે નહીં એટલો રાતે વધશે)

ચિંતન

સહસા વિદધીત ન ક્રિયામ વિવેકઃ પરમા પદાં પદમ્ ।
વૃણતે હી વિમૃશ્યકારિણં ગુણલબ્ધાઃ સ્વયમેવ સંપદઃ ॥

'ઉતાવળમાં કોઇ પણ કાર્ય ન કરવું જોઇએ, અવિચારીપણું એ પરમ આપત્તિનું પગલું છે, ખરેખર! વિચારીને કામ કરનારને સદ્‌ગુણની સંપત્તિ આપોઆપ મળે છે.'

કેટલાક લોકો 'યા હોમ' કરી નિર્ણયો લેતા હોય 'પૂર્વાપર' નો, પરિણામનો વિચાર કર્યા વિના કૂદી પડે છે અને પછી પોતાના અવિચારી પગલાંનો ખરાબ અંત ભોગવે છે.

કેટલાક માણસો બોલવામાં પણ વિચાર કરતા નથી અને એમને એમ બૉંબ વરસાવે છે જેનું પરિણામ સામે વાળાનું હૃદય તો ભસ્મીભૂત થઇ જ જાય છે પણ બોલનારને પણ એ અગ્નિ દઝાડે છે.

આપણા એક શબ્દથી સાંભળનારની શી હાલત થશે, કેટલું દુઃખ થશે, શું અસર થશે, એનો વિચાર કર્યા વિના બોલતા શબ્દો પણ ઉતાવળે કરેલા અવિચારી કાર્ય જેવું જ છે.

આયોજનપૂર્વક કાર્યની પૂર્વ તૈયારી - અમલ - અને પરિણામનો વિચાર કરી કરેલું કોઇ પણ કામ સફળ જ થાય છે. આવી સફળતાનો યશ માનવીને મળે, સફળ માનવીને 'સદ્‌ગુણો' નો સાથ પણ આપોઆપ મળતો રહે છે. આથી વગર વિચાર્યે બોલવું નહીં અને અવિચારી કાર્યમાં ઉતાવળે જંપલાવવું નહીં.

સુવિચાર

- જે માણસ વિચાર ઓછા કરે છે તે બોલે છે વધારે - મોંન્ટેસ્ક
- જે માણસ બોલવામાં ઘીરો હોય છે એ એના કાર્યમાં ઉતાવળો હોય છે - કન્ફ્યુશિયસ
- ગરમાગરમ વાદ-વિવાદ, ચર્ચા-વિચાર, વિનિમય કાળજીપૂર્વક બંધ કરી દેવો જોઇએ - માતાજી
- તમે ન બોલો, તમારાં કાર્યને બોલવા દો - વિવેકાનંદ
- જે સ્વાર્થ માટે મોંઢું બંધ રાખે છે ત્યારે તે મૌન નિમ્નતાની નિશાની છે- ઇબ્સન ગેબિરલ
- શબ્દોની શક્તિ પણ એના પાછળ રહેલી તપશ્ચર્યાના પ્રમાણમાં વધ-ઘટ થાય છે, તપ વધે તેમ મૌનનું મહાત્મ્ય વધે - ગાંધીજી
- અંતર્મૂખ મનુષ્ય બોલવામાં ભાગ્યે જ ભૂલ કરે છે - ઇબ્સન ગેબિરલ

બોધકથા

આજકાલ ગમે તેવો મોટો અધિકારી હોય, પ્રધાન હોય, સ્વતંત્ર નિર્ણય લઇ સહી કરવા સક્ષમ હોય છતાં જવાબદારી સ્વીકારવા તૈયાર હોતા નથી. એમનામાં હિંમત-સાહસ અને અધિકાર ભોગવવાની પણ ત્રેવડ નથી. બોજ બીજાને માથે નાખી યશ જાતે લેવો છે. આપણા સેનાપતિ અને એન્ટની પ્રધાન વચ્ચે પણ આવ જ ખો-ખો ખેલાય છે.

અમેરિકામાં એક ગૃહ યુધ્ધ ચાલતું હતું. દક્ષિણ વિસ્તારની સેનાએ ઉત્તર તરફ કૂચ કરી હતી. જો કે, લિંકનના સેનાપતિએ એ બળવાખોર સૈનિકો પર જોરદાર હુમલો કરી તેમને પીછેહઠ કરવાની ફરજ પાડી.

લિંકને સેનાપતિને બોલાવી સૂચના આપી કે, એ નાસતા અને પીછેહઠ કરતા સૈન્ય પર જોરદાર આક્રમણ કરી દુશ્મનોની જેમ નાશ કરો અને પકડી પકડી જેલમાં પૂરો!

સેનાપતિ એ અનુભવથી કહ્યું, સાહેબ જ્યારે દુશ્મનો પોતાની રીતે જ પીછેહઠ કરે છે ત્યારે જો હુમલો કરશું તો દુશ્મન મરણિયો થઇ લડશે અને કદાચ બાજી પલ્ટાઇ પણ જાય!

લિંકને કહ્યું, મિત્ર તમને આ આદેશ હું 'લેખિત' માં આપું છું, જો જીતી જાવ તો તમને 'યશ' મળવાનો જ છે અને હારી જાવ તો આ પત્ર જાહેર કરી દેજો અને કહેજો મેં તો હુમલો કરવાની 'ના' પાડી જ હતી, એટલે જો અપયશ મળે તો મારા માથે જ જવાબદારી આવે..

સેનાપતિ લિંકનના ઔદાર્યથી ખૂશ થયા. લડ્યા અને જીત્યા પણ ખરા..

ન્યુ ગાંધીનગરમાં ગુડાની અસરકારક કામગીરી

તંત્રી સ્થાનેથી...

ગાંધીનગરની આસપાસ ગાંધીનગર કરતા પણ વધુ ઝડપે વિકાસ થઈ રહ્યો છે. ઈન્દ્રોડા સર્કલથી કોબા સુધી અને સરગાસણ ચોકડીથી તારાપુર-અડાલજ સુધી ફ્લેટની સ્કીમોથી ઝાકઝમાળ વધી ગયો છે. ન્યુ ગાંધીનગર મૂળ ગાંધીનગર કરતા પણ મોટું લાગવા માંડ્યું છે. પરંતુ માળખાકીય સુવિધાઓના મામલે વસાહતીઓ અત્યારે તો હાલાકી ભોગવે છે. આવનારા દિવસોમાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ સવાસો કરોડથી વધુ કામો આરંભી રહ્યું છે. ટેન્ડરની પ્રક્રિયા લગભગ પૂર્ણ થઈ છે. ન્યુ ગાંધીનગરના રહેવાસીઓને માળખાકીય સુવિધાઓ તાકીદે મળવી જોઈએ. ગુડા દ્વારા કામગીરી ઝડપથી હાથ ઉપર લેવાઈ છે. માત્ર ગટરના જ બૉંતેર કરોડના કામોનું સપ્ટેમ્બર સુધીમાં લોકાર્પણ થાય એવું આયોજન પણ વિચારાયું છે. પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા માટે પણ યુધ્ધના ધોરણે કામગીરી ચાલે છે. જાહેર શૌચાલયો, બાગ-બગીચા, આંતરિક માર્ગો, શાળા-કૉલેજો માટેના મકાનો, મનોરંજન માટેના ઑડિટોરિયમ નિર્માણ માટે ઝડપી કામગીરીની પ્રશંસનીય પહેલ ગુડાએ કરી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ છેલ્લા બે વર્ષથી માળખાકીય સુવિધાઓના મામલે ગંભીર છે એ આવકારદાયક છે. વિકસતા ન્યુ ગાંધીનગરમાં વધુ ગતિ આપવા માટે માળખાકીય સુવિધા એ પાયાની શરત છે. જે ગુડા અસરકારક રીતે પૂરી કરે છે. સ્ટ્રીટ લાઈટ અને જાહેર વાહન વ્યવહાર માટે પણ ગુડાએ અત્યારથી જ આયોજન કરવું પડશે. અમદાવાદ - ગાંધીનગર વચ્ચે વધતા ટ્રાફિકને ધ્યાનમાં લઈ ન્યુ ગાંધીનગરમાં પણ શહેરી બસ સેવાને વધુ અસરકારક બનાવવા કાર્ય યોજના ઘડવી જોઈએ. ઔડાની જેમ ગુડા પણ ગાંધીનગરના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યું છે. આગામી ત્રીજી મે એ સવાસો કરોડનાં કામો આરંભાઈ રહ્યા છે ત્યારે વિકાસની નવી ક્ષિતિજો ખૂલશે. હજુ વધુ માળખાકીય સુવિધાઓ માટે ગુડા, શહેરી વિકાસ વિભાગ અને બિલ્ડરો સાથે મળી મૉડેલ ન્યુ ગાંધીનગરને ડેવલપ કરવા એક વિચાર સાથે જોડાય તો ગાંધીનગરની આવતીકાલ વધુ પ્રગતિમય થશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળને અભિનંદન તો છે જ, પરંતુ એટલી જ અપેક્ષાઓ જનમાનસમાં છવાયેલી છે.

ફોર ભગતસિંઘ, ફોર હન્ડ્રેડ એન્ડ ફોર પેજીસ

ધ કૉફી હાઉસ
- ઉત્સવ પરમાર

(ભાગ-૩)

જેલ નોટબુકનાં પાના ફરતા જાય છે...

પાન નં. ૧૨૪ પર 'જીવનનો હેતુ' એવા શીર્ષક નીચે લખ્યું છે.

'જીવનનો ઉદ્દેશ મનને નિયંત્રિત કરવું નથી પણ તેનો સુસંગત વિકાસ છે, મૃત્યુ બાદ મોક્ષ નહીં પણ સંસારમાં જ તેનો સર્વોત્તમ ઉપયોગ છે, ફક્ત ધ્યાનમાં જ નહીં પણ રોજિંદા અનુભવોમાં પણ સત્ય, શિવ અને સુન્દરનો સાક્ષાત્કાર છે. સામાજિક પ્રગતિ થોડા ઘણાં લોકોની ઉન્નતિ પર નહીં પણ ઘણા બધા લોકોની સમૃધ્ધિ પર આધારિત છે અને આત્મિક જનતંત્ર અથવા સાર્વભૌમિક ભ્રાતૃત્વ ફક્ત ત્યારે જ પ્રાપ્ત કરી શકાય છે જ્યારે સામાજિક - રાજનૈતિક અને ઔદ્યોગિક જીવનમાં સમાન તકો મળશે...'

કોઈ અજ્ઞાત લેખકનાં અવતરણમાં એક દાર્શનિક ઊંચાઈ છે... શાયદ ભગતસિંઘનાં જીવનનાં ઉદ્દેશ પણ આ જ હતો...

નોટબુકમાંપૃષ્ઠ ૧૨૫થી ૧૬૫ નથી...અને ૧૬૫ અને ૧૬૬માંપાના ઉપર સોક્રેટીસ, પ્લેટોઅનેએરિસ્ટોટલ જેવાગ્રીક ફિલોસોફરોનાંરાજયનેલગતાંવિચારોઅવતરિત કર્યા છે, અને તેનાં પર ટિપ્પણી કરી છે...

ત્યારબાદ પાના નં. ૧૬૭ પર સરકારોનાંપ્રકાર અને રાજય વ્યવસ્થાનાં અંગો વિશેની નોંધ લખેલી છે. એ જ પૃષ્ઠ ઉપર એપીકપૂરસવાદી, સ્ટોઈકવાદી, સિનિકવાદી વિશેની નોંધ છે.

એપિકયૂરસ એક ગ્રીક ફિલોસોફર હતો જેના માટે આત્મસંમય સુખનો રસ્તો હતો અને નૈતિકતા આત્મસંતોષનું સાધન અને ન્યાય વિશેનું તેનું વિધાન ભગતસિંઘે પોતાની ડાયરીમાં લખ્યું છે...

'ન્યાયા પોતે કંઈ જ નથી એ ફક્ત પરસ્પરનું નુકશાન રોકવા માટે સમાધાનની એક તરકીબ માત્ર છે.'

સ્ટોઈકવાદ એ એપિકપૂરસવાદથી ભિન્ન છે અને સ્ટોઈકવાદી જીવનમાં સુખ અને દુઃખ પ્રત્યે ઉદાસીન હોય છે - વિરક્ત હોય છે અને સિનિકવાદી અને દાર્શનિક સંપ્રદાય છે. જેની સ્થાપના એન્ટીસ્થેનીઝએ કરી હતી, જેઓ કલા, વિજ્ઞાન અને આનંદના - માનવ સ્વભાવની મૂળભૂત રૂચિઓ પ્રત્યે તિરસ્કાર દાખવતા... જો કે, એન્ટીસ્થેનીઝનું જીવન સાદગીભર્યું હતું...

આમ દર્શનશાસ્ત્ર ખાસ કરીને પ્રાચીન ગ્રીક દાર્શનિકો તથા તેમનાં વિચારોનું અધ્યયન ભગતસિંઘ જેલમાં થોડા વર્ષોમાં કર્યું હતું.

પછીનાં પૃષ્ઠોમાં રૉમન રાજય વ્યવસ્થા, વિશે લખ્યું છે અને બધાં જ મનુષ્ય જન્મજાત સ્વતંત્ર હોય છે અને બધા જ મનુષ્ય સમાન છે એ વાત પર વધુ ભાર મૂક્યો છે. પાન નં. ૧૭૦ પર લોક-સ્વતંત્રતાનાં હિમાયતી એવા હ્યુજિનાત (સોળમી સદીનાં ફ્રેન્ચ પ્રોટેસ્ટંટ લોકો) અને બુકાનન વિશે લખ્યું છે.

ત્યારબાદ પૃષ્ઠ ૧૭૧ પર જેસ્યુઈટ વિશે નોંધે છે. તેમજ જેમ્સ ધ ફર્સ્ટ, કન્વેન્શન પાર્લામેન્ટ, જયાં બોદે, અલ્યૂટિયસ, ગ્રોટિયસ, હૂકરનાં વિચારો પર ટિપ્પણી કરી છે.

ભગતસિંઘનાં વાંચનમાં રાજય વ્યવસ્થા - શાસન વ્યવસ્થા તથા મનુષ્યની આત્મ સત્તા કેન્દ્ર સ્થાને હતા... કાંતિના અબાધિત અધિકાર અને રૂસોનું અવતરણ પૃષ્ઠ નં. ૧૭૬ પર લખે છે.

'જયારે સરકાર સમાધાન માટે - અર્થાત્ વ્યક્તિગત અધિકારોનાં સંરક્ષણાં નિષ્ફળ જાય છે ત્યારે અને ત્યારબાદ પાનાંઓ પર પણ રૂસોનાં સમાનતા, સંપત્તિ અને નાગરિક સમાજ, નાગરીક કાનૂન, અસમાનતા, (ફ્રાંસમાં) રાજાશાહીથી લોકશાહી, ધર્મ, ગુલામી, તાકત ઈત્યાદિ પર પોતાનાં વિચારો અને અભ્યાસનોંધ લખ્યાં છે.'

હવે પછીનાં પાના નં. ૧૯૪ થી ૨૭૨ કોરા છે. શક્ય છે ૪૦૪ પાનાની નોટબુકમાંવિષય વાર વિભાજન હોય અને એ મુજબ ભગતસિંઘે વિભાગ પાડ્યા હોય. પાના નં. ૧૬૫ થી ૧૯૩ સુધીનાં વિચારો રાજય વ્યવસ્થા અને ફ્રેન્ચ-રશિયન ક્રાંતિનાં કેન્દ્રબિંદુની આસપાસ ફરે છે. ત્યારબાદનાં પાનાઓ પર તત્કાલીન ભારતીય સ્થિતિ અંગેના વિચારો છે.

જેમાં હિન્દુ સભ્યતા, ભારતીય શિક્ષાનીતિ, કોંગ્રેસ, ભારતનું સંવિધાન, અસ્પૃશ્ય વગેરે વિશે પોતાની નોંધ તથા અવતરણો નોંધ્યા છે. ખાસ કરીને સર વેલેન્ટાઈન શિરોલ (બ્રિટીશ પત્રકાર)નાં પુસ્તકો ઈન્ડિયન અરનેરસ્ટ તથા ઈન્ડિયા : ઑલ્ડ એન્ડ ન્યુનાં અવતરણ છે.

પાના નં. ૨૮૪-૮૫ પર જલિયાવાલાં બાગનાં શૈતાન જનરલ ડાયરનાં પુસ્તક 'ઈન્ડિયા એઝ આઈ ન્યૂ ઈટ' નાં કેટલાંક અવતરણો છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૭મી એપ્રિલ બહુશ્રુત પંડિત વિલિયમ જોન્સની પુણ્યતિથિ

અઢી ડઝન ભાષાઓનાં જાણકાર, સંશોધક, રસજ્ઞ વિલિયમ જોન્સની પુણ્યતિથિ ૨૭-૪-૧૭૯૪.

૧૭૯૩માં કલકત્તાની સર્વોચ્ચ અદાલતના ન્યાયધીશ બન્યા. 'રોયલ' એશિયાટિક સોસાયટીની સ્થાપના કરી. પૂર્વ - પશ્ચિમ વચ્ચે સત્યનિષ્ઠ સેતુ સમાન બની રહ્યા.

ભારતની ભૂમિને ચાહનારા આ મહાન વ્યક્તિત્વને ભારત ભૂમિમાં જ દફનાવવામાં આવ્યાં.

- *તાર - ટેલિફોનના શોધક સેમ્યુઅલ મોર્સનો જન્મ - ૧૭૯૧.*
- *પ્રસિધ્ધ અમેરિકન સાહિત્યકાર - ચિંતક આર્મર્સનનું અવસાન - ૧૮૮૨.*
- *૧૯૧૮ માં ગાંધીજી વાઇસરોયને મળ્યા અને યુધ્ધ પરિષદમાં ભાગ લેવા સંમતિ આપી.*

ગુજરાતમાં સર્વશિક્ષા અભિયાન ક્યારથી અમલમાં આવેલ છે?

ખજાનો
અનિલ પટેલ

વિષય : શિક્ષણ જગત

(૧) ભાર વિનાના ભણતરની જોગવાઇ કઇ સમિતિએ કરી હતી?
(અ) ગીજુભાઇ બધેલા સમિતિ (બ) મનુભાઇ પંચોળી સમિતિ (ક) હંસા મહેતા સમિતિ (ડ) પ્રો. યશપાલ સમિતિ

(૨) જિલ્લા પ્રાથમિક શાળાઓનો વહીવટ કોણ કરે છે?
(અ) કલેકટર (બ) સચિવાલય (ક) જિલ્લા પંચાયત (ડ) શિક્ષણ નિયામક

(૩) ગુજરાત સરકારની કંઇ યોજના વિદ્યાર્થીઓને વીમાકવચ પુરૂં પાડે છે?
(અ) સરસ્વતી સાધના (બ) વિદ્યાદીપ યોજના (ક) વિદ્યાલક્ષ્મી યોજના (ડ) વિદ્યાસાગર યોજના

(૪) ઓપરેશન બ્લેક બોર્ડ શાને લગતી છે?
(અ) પ્રાથમિક શાળાઓમાં શિક્ષક અને સાધન સામગ્રી પુરી પાડવા અંગે (બ) શિક્ષકોની ભરતી અંગે (ક) વર્ગોમાં બ્લેક બોર્ડ પુરા પાડવા અંગે (ડ) નબળાં વિદ્યાર્થીઓને આગળ લઇ જવા અંગે

(૫) ગંગાજમના યોજનાનો મુખ્ય ઉદ્દેશ કઇ ભાષાના જ્ઞાન પ્રાપ્તિનો છે?
(અ) ગુજરાતી (બ) હિન્દી (ક) સંસ્કૃત (ડ) અંગ્રેજી

(૬) ગુજરાત સરકારે ક્યા વર્ષને કન્યા કેળવણી વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યું હતું?
(અ) ૨૦૦૧-૦૨ (બ) ૨૦૦૨-૦૪
(ક) ૨૦૦૨-૦૩ (ડ) ૨૦૦૪-૦૫

(૭) ગુજરાતમાં સર્વશિક્ષા અભિયાન ક્યારથી અમલમાં આવેલ છે?
(અ) ૨૦૦૧ (બ) ૨૦૦૨ (ક) ૨૦૦૩ (ડ) ૪૦૦

(૮) કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા રાજય સરકારે કઇ યોજના અમલમાં મૂકી છે?
(અ) વિદ્યાલક્ષ્મી (બ) ગંગાજમના
(ક) વિદ્યાદીપ (ડ) સર્વ શિક્ષા અભિયાન

(૯) સ્કાઉટ અને ગાઇડના સ્થાપક કોણ હતા?
(અ) સર વિલિયમ પોવેલ (બ) સર રોબર્ટ બેડન પોવેલ
(ક) સર આલ્ફ્રેડ પોવેલ (ડ) સર જ્યોર્જ પોવેલ

(૧૦) રાજય સ્તરે પ્રાથમિક શિક્ષણના વડા કોણ હોય છે?
(અ) શિક્ષણ સચિવ (બ) શિક્ષણમંત્રી
(ક) શિક્ષણ નિયામક (ડ) શિક્ષણાધિકારી

(૧૧) નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વહીવટી વડા કોણ હોય છે?
(અ) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (બ) મેયર
(ક) શાસનાધિકારી (ડ) શિક્ષણ સમિતિના પ્રમુખ

(૧૨) શિક્ષણ સચિવ કોને જવાબદાર હોય છે?
(અ) શિક્ષણમંત્રી (બ) પ્રાથમિક શિક્ષણ નિયામક (ક) શિક્ષણ સમિતિ (ડ) જિલ્લા શિક્ષણાધિકારી

(૧૩) જિલ્લા શિક્ષણ સમિતિના વહીવટી વડા કોણ છે?
(અ) જિલ્લા વિકાસ અધિકારી (બ) જિલ્લા પંચાયતના પ્રમુખ (ક) જિલ્લા શિક્ષણ સમિતિના પ્રમુખ (ડ) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(૧૪) રાજયની શિક્ષણનીતિ નક્કી કરવાનું કામ કોણ કરે છે?
(અ) શિક્ષણ નિયામક (બ) શિક્ષણમંત્રી (ક) મંત્રીમંડળ (ડ) શિક્ષણ સચિવ

(૧૫) જિલ્લા શિક્ષણને લગતા નીતિવિષયક નિર્ણયો કોણ લે છે?
(અ) જિલ્લા વિકાસ અધિકારી (બ) શાસનાધિકારી (ક) જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન (ડ) જિલ્લા શિક્ષણાધિકારી

● વિવિધા ●

વિષય :- પ્રસિધ્ધ કૃતિઓ અને કર્તાઓ

કૃતિ	કર્તા
ગીતાંજલિ	રવીન્દ્રનાથ ટાગોર
ગોદાન	પ્રેમચંદજી
ચરકસંહિતા	ચરકઋષિ
જજમેન્ટ	કુલદીપ નાયર
ટુ સર્વોદય	જય પ્રકાશ નારાયણ
નાટ્યશાસ્ત્ર	ભરતમુનિ
પંચતંત્ર	પંડિત વિષ્ણુ શર્મા
હિતોપદેશ	પંડિત વિષ્ણુ શર્મા
પ્રથમ પ્રતિશ્રુતિ	આશાપૂર્ણા દેવી
પ્રિઝન ડાયરી	જયપ્રકાશ નારાયણ
પ્રાચીન સાહિત્ય	રવીન્દ્રનાથ ટાગોર
પેસેજ ટુ ઇંગ્લેન્ડ	નીરદ. સી. ચૌધરી
બાબરનામા	બાબર
ભારતમાં અંગ્રેજી રાજ	પંડિત સુંદરલાલ
મધુશાળા	હરિવંશરાય બચ્ચન
મહારાજા	દિવાન જર્મનીદાસ
રસ સિધ્ધાંત	ડો. નગેન્દ્ર
રામાયણ	મહર્ષિ વાલ્મિકી
સત્યના પ્રયોગો	મહાત્મા ગાંધી
શૃંગાર શતક	ભર્તૃહરિ

(વધુ આવતા અંકે...)

ગયા સપ્તાહનો જવાબ :-

સવાલ - તાજેતરમાં ક્યા બાબા લોક દરબાર યોજીને કરોડો રૂપિયાની ઠગાઇના મુદ્દે ચર્ચામાં છે.
જવાબ - નિર્મલ બાબા

સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી

(અનુસંધાન પાના નં. ૭ પર)

શિવાજીને શિખામણ

જૂના વખતની વાત છે. શિવાજી જયારે મોગલો વિરૂધ્ધ લડી રહ્યા હતા. ત્યારે એક દિવસ થાકીને એક વનવાસી સ્ત્રીની ઝૂંપડી પાસે ગયા અને કંઈક ખાવા માટે માગ્યું. વનવાસી સ્ત્રી ખૂબ ગરીબ હતી. ઘરમાં થોડો ભાત પડ્યો હતો, તે ગરમ ખૂબ પ્રેમથી પીરસ્યો. શિવાજીને ખૂબ ભૂખ લાગી હતી. કંઈ પણ વિચાર્યા વગર ભાતમાં હાથ નાખ્યો. ને દાઝી ગયા, તે હાથ પર ફૂંક મારવા લાગ્યાં.

આ જોઈ વૃધ્ધ સ્ત્રી હતી પડી અને બોલી, તું પણ મૂર્ખ શિવાજી જેવો છે. 'શિવાજી આશ્ચર્યથી તે વૃધ્ધાને જોઈ રહ્યા. 'મા, શિવાજીની શું મૂર્ખતા છે?''

વૃધ્ધાએ કહ્યું, 'તું કિનારે કિનારેથી ઠંડા ભાત ખાવાના બદલે, વચ્ચે જ હાથ નાખ્યો અને દાઝી ગયો. એવી જ મૂર્ખતા શિવાજીની છે. કિનારા કિનારાનાં નાનાં જીતવાને બદલે મોટા મોટા કિલ્લાઓ પર હુમલો કરે છે

તેથી વારંવાર હારી જાય છે.'

બસ, શિવાજીને પોતાની હારનું કારણ સમજાઈ ગયું. એમણે વૃધ્ધાની વાત માનીને પહેલાં નાનાં રાજયો પર ચડાઈ કરીને એમની શક્તિ વધારી અને આખરે વિજય મેળવ્યો.

સાચો રસ્તો

અપ્પુભાઈ પાસે પહોંચવાનો સાચો રસ્તો કયો?



આ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો

બાળ મિત્રો,

આપણે ગમે તે કામ કરવા માગતા હોઇએ પણ, નાના કામથી શરૂઆતથી કરીને ધીમે ધીમે આગળ વધીને મોટું કામ સિધ્ધ થાય છે.

જેમ કે, ધીમે ધીમે મનગમતી રમતમાં ઘરઆંગણેથી નિયમિત પ્રેક્ટિસ કરીને સ્કૂલ, કોલેજ, જિલ્લા કક્ષાએ એમ કરતાં કરતાં રમતમાં ટોચ સુધી પહોંચી શકાય.

અભ્યાસમાં પણ રોજે રોજ થોડું વાંચીને તૈયાર કરીને, આગળ જતાં જે તે વિષયોમાં ખૂબ મહેનત કરીને સારા માર્કસ સાથે પરીક્ષા પાસ કરી શકાય.

કોઇ પણ વાતનો પ્રારંભ હંમેશાં નાના નાના સંકલ્પોથી થાય છે. પછી જ મોટા સંકલ્પોને પૂરા કરવા માટેનો આત્મવિશ્વાસ જાગે છે.

ચાર અંકનો સંદેશ

૧. ચાર દિશા - પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ
૨. ચાર ખૂણા - ઇશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય
૩. ચાર વેદ - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ
૪. ચાર ઉપાય રાજનીતિનાં - સામ, દામ, દંડ, ભેદ
૫. વિષ્ણુ ભગવાનની ભૂજાઓનાં પ્રતિકો - શંખ, ચક્ર, ગદા, પદ્મ
૬. ચાર વર્ણ - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર
૭. ચાર યુગ, - સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગ
૮. ચાર ધામ - બદ્રીનાથ, રામેશ્વર, દ્વારિકા, જગન્નાથ